# ૧૧ મે –૨૦૧૬ (બુધવાર)

**(૧) શશાંક મનોહર :**

- બીસીસીઆઇના અધ્યક્ષ શશાંક મનોહરે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.
- આઇસીસી અધ્યક્ષપદની ચૂંટણી માટે તેમણે આ પદ છોડ્યું.
- નિયમ પ્રમાણ આઇસીસી અધ્યક્ષપદ માટે ઉમેદવાર અન્ય કોઇ ક્રિકેટ બોર્ડ સાથે જોડાયેલો ન હોવો જોઇએ
- શશાંક મનોહર સૌથી પહેલા વર્ષ–૨૦૦૮ થી ૨૦૧૧ સુધી બીસીસીઆઇ અધ્યક્ષ રહી ચૂક્યા છે.
- તે પછી વર્ષ ૨૦૧૫માં બીસીસીઆઇના તત્કાલીન અધ્યક્ષ જગમોહન દાલમિયાનું નિધન થતાં ફરીથી બીસીસીઆઇના અધ્યક્ષ બન્યા હતા.

**(૨) દેશની પહેલી સંપૂર્ણ સોલાર ટ્રેન :**

- રેલવેના જોધપુર વર્કશોપમાં દેશની પહેલી સંપૂર્ણ સોલાર ટ્રેન બનાવવામાં આવી
- આ ટ્રેનનો ટ્રાયલ રૂટ શોધી આગામી સમયમાં ટ્રાયલ લેવાશે.
- તેમા લાઇટ અને પંખા સૂર્ય ઉર્જાથી ચાલશે તેમજ ૨૦ કોચ વર્ષમાં ૯૦ હજાર લીટર ડિઝલ બચાવશે
- દરેક કોચમાં ૧૨ સોલાર પેનલ લાગેલી છે.

**(૩) UPSC પરિણામ જાહેર**

- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (..) ની સિવિલ સર્વિસ પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.
- આ પરિણામો અનુસાર દિલ્હીની ટીના ડાબીએ પોતાના પહેલા જ પ્રયાસમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- આ પરિક્ષામાં કલ ૧૦૭૯ ઉમેદવારોને સફળ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.
- પ્રથમ ત્રણ સફળ ઉમેદવાર :

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| ૧ | ટીના ડાબી | દિલ્હી |
| ૨ | અતહર આમિર | જમ્મુ–કાશ્મિર |
| ૩ | જસમિતસિંહ સંધુ | દિલ્હી |

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કોણે બીસીસીઆઇના અધ્યક્ષપદેથી રાજીનામું આપ્યું ?

- શશાંક મનોહર

(૨) શશાંક મનોહર પ્રથમ વખત ક્યાં સમયગાળા દરમિયાન બીસીસીઆઇના અધ્યક્ષ રહી ચુક્યા છે ?

- ૨૦૦૮–૨૦૧૧

(૩) દેશની પહેલી સંપૂર્ણ સોલાર ટ્રેન ક્યાં કરવામાં આવી ?

- જોધપુર

(૪) તાજેતરમાં જાહેર થયેલ UPSC ની સિવિલ પરીક્ષામાં કુલ કેટલા ઉમેદવારો સફળ થયા ?

- ૧૦૭૯

(૫) UPSC ના જાહેર થયેલ પરિણામ મુજબ પ્રથમ ક્રમ મેળવનાર ઉમેદવાર ?

- ટીના ડાબી– દિલ્હી

વિવેકાનંદ એકેડેમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧